# પૂજ્ય જેસીંગબાપાના નવનિર્મિત મંદિરે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

## ૧૮મી ડિસેમ્બર રવિવારે પ્રારંભ અને ૨૦મી ડિસેમ્બરે વાજતેગાજતે પૂર્ણાહુતિ સંપન્ન થશે

મોડાસા, તા.૭

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની સરહદે આવેલ પુણ્ય સંતભૂમિ ગાંઠિયોલ (ગોધમજી) ગામે આ ભૂમિના પૂજ્ય પ્રાતઃ વંદનીય સંત જેસીગબાપાના નવનિર્મિત મંદિરે ત્રણેય સંતો પૂજ્ય રામજીબાપા, શ્રીમદ જેસીગબાપા અને શ્રીમદ નાથુબાપાની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાનો ત્રિ-દિવસીય ધાર્મિક કાર્યક્રમ યોજાનાર છે.

ગાંઠિયોલ ગ્રામજનો તથા મુમુક્ષુઓ દ્વારા આપાયેલ આમંત્રણ મુજબ ગાંઠિયોલની સંત ભૂમિ ઉપર સતયુગમાં પણ દુર્લભ એવા સંતોના યોગબળ, પ્રેરણા શક્તિથી ભેસકા નદીના રમણીય સ્થળે જ્યાં સમાધિમંદિર, કીર્તિસ્તંભ તથા પ્રથમ સમકિત સ્થાનના ત્રિવેણી સંગમ સ્થાને નવનિર્મિત સદગુરુ શ્રીમદ જેસિંગબાપા મંદિરમાં શ્રીમદ રામજીબાપા, પૂજ્ય જેસીગબાપા અને શ્રીમદ નાથુબાપાની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ તા.૧૮.૧૨.૧૬ને રવિવારે થશે જયારે તેની પૂર્ણાહુતિ તા.૨૦.૧૨.૧૬ને મંગળવારે થશે. પ્રથમ દિને પંચાંગ કર્મ,મંડપ પૂજન પ્રવેશ, પાદુકા પૂજન, વગેરે કાર્યક્રમો સવારે ૮ થી બપોરના ૧૨ સુધી યોજાશે. જયારે પ્રથમ દિને રાતના ભજન સંધ્યા છે.

બીજા દિવસે સોમવારે મૂર્તિ શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે જયારે છેલ્લાં અને ત્રીજા દિવસે સવારે ૯ થી ૧૨ સુધીમાં પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થતા મહા આરતી પછી મહાપ્રસાદ સાથે મહોત્સવ રંગેચંગે પૂર્ણ થશે. યજ્ઞના અધ્યક્ષ શ્રી શાસ્ત્રી હરેશભાઈ ભટ્ટ (મેસણ)અને યજ્ઞના આચાર્ય શ્રી શાસ્ત્રી રાકેશભાઈ જોશી (મુંડેટી)રહેશે.

આ પુણ્ય સંત ભૂમિ ઉપર ત્રિદિવસીય પાવન અવસરે અરવલ્લી અને સાબરકાંઠા ઉપરાંત ગુજરાતભરમાંથી પણ મુમુક્ષુઓ ભાવિકો ઉમટી પડશે.



## માલપુરમાં વિ.હ.પ. અને બજરંગ દળ દ્વારા ત્રિશુલ દિક્ષા કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના મોરડુંગરી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ માલપુર દ્વારા શોર્યદિન નિમિત્તે ત્રિશુલ દિક્ષાનો તથા હિન્દુ રાષ્ટ્રના બોર્ડનો અનાવરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૫૦થી વધુ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હોવાનું વિહપના વિભાગીય મંત્રી કિરીટભાઈ શાહે જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા ઉ.ગુ. પ્રાંત સહ સંગઠન મંત્રી વિહપ અમૃતજી ઠાકોરના હસ્તે હિન્દુ રાષ્ટ્રનું માલપુર ગામના બોર્ડની અનાવરણ વિધી કરાઈ હતી. તેમજ રાષ્ટ્રધર્મ સંસ્કૃતિ તથા બહેન, દિકરી, ગાયોની રક્ષાના શપથ લીધા હતા. ૨૦૦થી વધુ કાર્યકરોએ ત્રિશુલ દિક્ષા ગ્રહણ કરી હતી. તેમજ ગામે ગામ હિન્દુ રાષ્ટ્રના અનેક કાર્યક્રમ યોજાવામાં આવશે. આ કાર્યક્રમમાં જિલ્લા વિ.હ.પ.ના અધ્યક્ષ ઉપેન્દ્રસિંહ ચૌહાણ, બજરંગ દળના સંયોજક હર્ષદભાઈ પંડ્યા, માલપુર પ્રખંડના કાર્યકર્તાઓ તથા જિલ્લા સહમંત્રી કનુભાઈ પટેલ, વિહપના જિલ્લા અધ્યક્ષના રામભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# હિમતનગરના વિદ્ધાનગરી પાસે રોડ પર ટવેરામાંથી ૧.૧૪ લાખના દારૂ સાથે એક ઝડપાયો

હિમતનગરના વિદ્ધાનગરી પાસેથી પસાર થતા બાયપાસ માર્ગ પર બુધવારે બપોરના સુમારે બાતમી આધારે બી-ડીવીઝન પોલીસે વોચમાં ટવેરા માંથી ૧.૧૪ લાખના દારૂ સાથે એક ને ઝડપી તેના વિરુદ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ કિરીટસિંહ બિહોલાને મળેલ બાતમી આધારે નરસિંહભાઈ વણઝારા,રાકેશ ચાવડા અને સુરેશભાઈ પરમાર બુધવારે બાયપાસ માર્ગ પર વોચમાં હતા ત્યારે બાતમી વાળી ટવેરા કાર નીકળતા તેનો મોતીપુરા થી પીછો કરી વિદ્ધાનગરી બાયપાસ માર્ગ પર પકડી લીધી હતી જેમાંથી બોટલ નંગ-૩૭૧ અને બીયર ટીન ૨૪૦ મળી કુલ ૧.૧૪૮૦૦ નો જથ્થો મળી આવેલ જેથી પોલીસે ૪ લાખની કાર સાથે ૫.૧૫૮૦૦નો મુદ્દામાલ સાથે ચાલક અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મેરાવાડા ગામના મુકેશ રૂપશીભાઈ બરંડાની ઝડપી તેના વિરુદ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



# ખેડબ્રહ્મામાં સસ્તા અનાજની દુકાનો પર કુપન કાઢી અપાતા પ્રજામાં આક્રોશ

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા તાલુકા સસ્તા અનાજની દુકાનોમાં પુરવઠા અધિકારીઓ તેમજ તાલુકાના અધિકારીઓની મિલીભગતથી ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે અને ગરીબોને તેના હક્કનું અનાજ ન મળતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. સત્વરે આવા ભ્રષ્ટાચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકા તેમજ અન્ય વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગરીબ અને આદિવાસી પ્રજા રહે છે. આ ગરીબ પ્રજા માટે સરકાર દ્વારા સસ્તા અનાજની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ અનાજ આ ગરીબો સુધી પહોંચતુ જ નથી. દરરોજ ગરીબ પ્રજા સસ્તા અનાજની દુકાને ધક્કા ખાય છે અને સસ્તા અનાજની દુકાનના સંચાલક અનાજ ઉપરથી જ ન આવતુ હોવાનું રટણ કર્યા કરે છે. આમ તાલુકાના પુરવઠા અધિકારીઓની મિલી ભગતથી વચેટીયાઓ બારોબાર અનાજનો વેપલો કરી ભ્રષ્ટાચાર કરી રહ્યા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે ત્યારે ઉચ્ચકક્ષાએથી આવા ભ્રષ્ટાચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.




કોચી ખાતે ઈન્ડિયન સુપર લીગ ફૂટબોલ મેચ રમાઈ જેમાં કેરાલા બ્લાસ્ટર ટીમ વિજેતા બની. અમુલ દ્વારા ફિટટેસ્ટ પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ અમુલના માર્કેટિંગ મેનેજર ગૌરાંગ દિક્ષિતના હસ્તે સંદેશ જીંગોન ખેલાડીને એનાયત કરવામાં આવ્યો. ગૌરાંગ દિક્ષિત સાબરકાંઠાના હિંમતનગર રાયગઢ ગામના વતની છે.

## વાડજમાં હિટ એન્ડ રનમાં એકનું મોત

અમદાવાદ, તા.૭

અમદાવાદનાં પશ્ચિમ વિસ્તારમાં આવેલા વાડજના બીઆરટીએસ કોરિડોરમાં આજે સવારે એક સફેદ રંગની કારનાં ચાલક દ્વારા બેદરકારીપૂર્વક કાર હંકારીને રાહદારીને અડફેટમાં લેતાં રાહદારીનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે એલ ડિવિઝન દ્વારા અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવેલા છે. વાડજ વિસ્તારમાં બીઆરટીએસ કોરિડોર આવેલો છે. આ કોરિડોરમાં આજે વહેલી સવારે ૫.૩૦ વાગ્યાના સુમારે રમેશ સુરતાન ડાંગી દુધ લેવા જતો હતો.

# ગલતેશ્વર અંબર્ટો સિરામીકસ કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

## રકતદાતાઓ દ્વારા ૫૧ બોટલ રકતદાન કરવામાં આવ્યું : એચ.ડી.એફ.સી. બેંકના સહિયોગથી રકતદાન કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના ગલતેશ્વર રોડ ઉપર આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી.કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો જેમાં રકતદાતાઓ દ્વારા ૫૧ બોટલ રકતદાન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના ગલતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામીકસ કંપની ખાતે એચ.ડી.એફ.સી બેંક પ્રાંતિજ અને રેડક્રોસ હિંમતનગરના સહયોગથી કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો જેમાં કંપનીના અધિકારીઓ સ્ટાફ સહિત કર્મચારીઓ કામદારો દ્વારા ૫૧ બોટલ રકતદાન રકતદાતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું . આ પ્રસંગે




કંપનીના સીઈઓ એમ.પેરૂ મારેડ્ડી, હેડ એચ.આર રમાકાન્ત દાસ, સીનીયર મેનેજર વાય રવિન્દ્ર, ટેકનીકલ મેનેજર એસ.સતીષ કુમાર, ડાં. એન. કે. ડેરીયા , એચ.ડી.એફ.સી.બેંક અધિકારી તેજશભાઈ વ્યાસ, ગોસ્વામીભાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## અમદાવાદમાં બટાકાના ભાવમાં ઘટાડો

અમદાવાદ, તા.૭

છેલ્લા ઘણા સમયથી ત્યાં એક તરફ નોટબંધીની બૂમો જોવા મળી રહી જ્યાં બીજી તરફ પંજાબ જેવા રાજયોમાંથી બટાકાની મોટા પ્રમાણમાં આવક થતાં અમદાવાદમાં બટાકાના ભાવ હાલ ૮-૧૦ પ્રતિકિલોના ભાવે જોવા મળી રહ્યા છે. એક બાજુ બજારમાં કોલ્ડ સ્ટોરેજમાં મોટા પ્રમાણમાં આવક જોવા મળી રહી છે તો બીજી બાજુ અપેક્ષા મુજબની ખરીદી નથી નવી સિઝનની આવક આવવાની તૈયારી છે ત્યારે બટાકાના જુના સ્ટોકની ધુમ આવક વચ્ચે ભાવમાં જોરદાર કડાકો બોલાઈ ગયેલો જોવા મળ્યો છે. એક મહિના પૂર્વ ૧૫થી ૧૮ રૂપિયે કિલોના ભાવે વેચાતા સારી ક્વોલિટીના બટાકા હાલમાં ૮ થી ૧૦ રૂપિયે પ્રતિકિલોના ભાવે વેચાતો જોવા મળી રહ્યો છે.

## ફાયર એનઓસીના મામલે યુનિટો સીલ

અમદાવાદ, તા.૭

શહેરની હાઈરાઈઝ બિલ્ડિંગમાં ફાયર સેફટી એનઓસીના મામલે આજે વહેલી સવારથી જ મ્યુનિ. કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ ઓપરેશન સીલિંગ ઝુંબેશ હાથ ધરાઈ હતી. જે હેઠળ નવા પશ્ચિમ ઝોન અને મધ્ય ઝોન મળીને કુલ ૮૫ કોમર્શિયલ યુનિટને સીલ કરાયાં હતા. નવા પશ્ચિમ ઝોનના બોડકદેવ વોર્ડના ડ્રાઈવ ઈન રોડ પરના હિમાલયા મોલની સામે આવેલા શ્રીજી ટાવરના એ અને બી બ્લોકમાં તંત્ર ત્રાટક્યું હતું. આ મિક્સ પ્રકારના હાઈરાઈઝ બિલ્ડિંગમાં ફાયર સેફટી સિસ્ટમ બેસાડીને તેની એનઓસી મેળવવી ફરજિયાત હતી. જે અંગે કોર્પોરેશન દ્વારા વારંવાર નોટિસ ફટકારાઈ હતી. છેલ્લે ગત તા. ૮ નવેમ્બરે અંતિમ નોટિસ અપાઈ હતી.



**મોડાસા ચાર રસ્તા પર ૬૧મા મહાપરિનિર્માણ દિન નિમિત્તે કેન્ડલ લાઈટથી શ્રદ્ધાંજલિ**

મોડાસા શહેરના ચાર રસ્તા પર અરવલ્લી જિલ્લાના દલિત સમાજના અગ્રણીઓ અને ઉત્કર્ષ મંડળ તેમજ યુવાનો અને મહિલાઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પમાળા પહેરાવી તથા પુષ્પાંજલિ અર્પિત કરી ચાર રસ્તા પર કેન્ડલ માર્ચ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, જિલ્લા પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન રેવાભાઈ ભાંભી, કોર્પોરેટર આર.જી. વણકર, આનંદ પરમાર, અમીત મકવાણા, અરૂણ ચાવડા અને માલપુરના મહિલા અગ્રણી કુંવરબેન પ્રણામી ઉપસ્થિત રહ્યા હતા.

## પાંથાવાડામાં સરપંચના દાવેદાર ફાલ્ગુનીબેન ત્રિવેદીએ ઉમેદવારી નોંધાવી

દાંતીવાડા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી સરપંચની ચૂંટણીને લઈને અનેક ચર્ચાઓ થઈ રહી છે ત્યારે આજરોજ દાંતીવાડા તાલુકામાં આવેલ પાંથાવાડામાંથી ત્રિવેદી ફાલ્ગુનીબેન જીગ્નેશભાઈએ સરપંચની ઉમેદવારી માટે તાલુકા પંચાયતમાં ફોર્મ ભરેલ જેમાં ત્રિવેદી ફાલ્ગુનીબેન જીગ્નેશભાઈના સમર્થન માટે આજરોજ પાંથાવાડાના અંદાજિત ૨૦૦ જેટલા લોકો તાલુકા પંચાયતમાં ઉપસ્થિત રહેલ અને લોકચર્ચામાં અત્યારથી જ સરપંચમાં ત્રિવેદી ફાલ્ગુનીબેનનું નામ ગુંજી રહ્યું છે પાંથાવાડાના લોકો માં ફક્ત એક જ ચર્ચા થઈ રહી છે કે આવનારા સમયમાં અમે અમારા સરપંચમાં ફક્ત ત્રિવેદી ફાલ્ગુનીબેનને જ જોવા માંગીયે સિયે ત્યારે હવે આવનારા સમયમાં જોવા મળ છે કે પાંથાવાડા માંથી બીજા કોણ સરપંચની ઉમેદવારી નોંધાવશે અને અંતમાં જનતા પોતાના સરપંચ તરીકે કોને નક્કી કરે છે તે આવનારા સમયમાં જ ખબર પડશે.

# અમદાવાદ ઈસનપુરમાં લોધા સમાજનો પાંચમો સમૂહલગ્નોત્સવ યોજાયો

સમગ્ર લોધા સમાજ સમૂહલગ્ન સમિતિ દ્વારા અમદાવાદ ઈસનપુરમાં લોધા સમાજના સમૂહલગ્ન યોજાયા હતા. જેમાં ડીસા, મહેસાણા, અમદાવાદ, આબુરોડ, સહિત વિવિધ સ્થળોએ રહેતા લોધા સમાજના આગેવાનોએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. વિવિધ વિસ્તારમાં રહેતા લોધા સમાજ દ્વારા પણ સમાજીક ઉત્થાનના કાર્યો કરવામાં આવી રહ્યા છે. સમાજ સંગઠીત બને, મજબુત બને અને શિક્ષિત બને તે માટે આગેવાનો અને શિક્ષિત યુવાનો દ્વારા પ્રયાસ હાથ ધરાયા છે. ત્યારે લોધા સમાજ




યોજાયો હતો. જેમાં ૧૭ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા હતા. આ પ્રસંગે કાંકરીયા વિસ્તારના કોર્પોરેટર ધર્મેન્દ્ર શાહ, ડેપ્યુટી મેયર અજીતભાઈ વોરા, ધારાસભ્ય મયુર દવે, દરીયાપુર વોર્ડના કોર્પોરેટર મદનસીંગ લોધા સહિત અગ્રણીઓ, સંતો-મહંતો અને યુવા કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અગ્રણીઓને જણાવ્યું હતું કે, સમાજના અગ્રણીઓ, યુવાનો અને



સમૂહલગ્ન સમિતિ દ્વારા અમદાવાદ ઈસનપુર વિસ્તારમાં પાચમાં સમુહલગ્નોત્સવ ધામધૂમપૂર્વક કાર્યકરોએ સતત ૧૫ દિવસ સુધી ભારે જહેમત ઉઠાવી શાંતિપૂર્ણ માહોલમાં કાર્યક્રમ સંપન્ન બનાવ્યો હતો.

# વિજાપુરમાં શહેરી વિસ્તારનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા.૭

રાજયના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સરકારના પ્રજાભિમુખ નવતર અભિગમ એવા શહેરી સેવા સેતુ કાર્યક્રમના બીજા દિવસે આજે મહેસાણા જિલ્લાના બે શહેરી વિસ્તારો વિજાપુર અને ઉંઝા નગરપાલીકાના વિસ્તારોમાં જિલ્લાના કલેકટર એસ. કે. લાંઘાના માર્ગદર્શન અંતર્ગત યોજાયો હતો.

વિજાપુર નગરપાલીકાના પ્રાંગણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૬૮૨ જેટલા લાભાર્થી ઉમટી પડયા હતા. તે પૈકીના તમામ લાભાર્થીઓને તેમની જરૂરીયાતના મુખ્ય મંત્રી અમૃતમ યોજના, આધાર કાર્ડ, નવા જનધન યોજનાના બેંક ખાતાઓ, વિકલાંગતાના પ્રમાણપત્રો, વારસાઈ સંબંધીત દાખલાઓ, ડીઝીટલી કેસલેસ ટ્રાન્ઝેકશન માટેના માર્ગદર્શન અને તેના મોબાઈલ ઉપકરણો થકી ખાતાઓ ખોલી આપી ગણમાન્ય બેંકોના અધિકારીઓએ અરજદારોને કેસલેસ ટ્રાન્ઝેકશન માટે યોગ્ય માર્ગદર્શન આપી પ્રોત્સાહીત કર્યા હતા.

શહેરી સેવા સેતુ કાર્યક્રમમાં




ઉપસ્થિત મહેસાણા જિલ્લા કલેકટર એસ. કે. લાંઘાએ જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સરકારે શહેરી વિસ્તારોના માનવીઓની વ્યથાને વાચા આપી સાચા અર્થમાં સરકાર મા બાપ બની તેમની રોજબરોજની મુશ્કેલીઓને નિવારવા શહેરી વિસ્તારના સેવાસેતુ કાર્યક્રમની આ નવતર અભિગમ સાથે શરૂઆત કરાવી છે. શહેરી સેવા સેતુ કાર્યક્રમમાં ઉમટી પડતી જન મેદની આ સરકારના પ્રયત્નોની સફળતા દર્શાવે છે તેમ જણાવ્યુ હતું.

આમ અરજદારને નાના નાના પ્રશ્નો માટે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી કચેરીઓમાં જવા ને બદલે એક જ સ્થળે તેમના પ્રશ્નનોને વાચા મળે છે. આમ સરકાર શહેરી નાગરીકોના દ્વારે આવીને તેમના વ્યક્તિગત પ્રશ્નો નિકાલ કરી રહી છે. આ ઉપરાંત તેમણે વધુમા જણાવ્યું હતું કે, શહેરી સેવા સેતુ કાર્યક્રમમાં શહેરી નાગરીકોને તેમના ડાયાબીટીશ, બ્લડપ્રેશર વગેરેની વિના મુલ્યે ચકાસણી કરી આપવામાં આવી રહી છે.

વિજાપુર ખાતેના આ શહેરી સેવા સેતુ કાર્યક્રમમાં સ્થળ પર જ જિલ્લાની સંબંધીત કચેરીઓ દ્વારા અરજદારો પાસેથી અરજીઓ મેળવીને તેમને ન્યાય અપાયો હતો. અરજદારોને આવક, જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ પ્રમાણપત્રને લગતા દાખલાઓ, રેશનકાર્ડને લગતી અરજીઓ, આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડમાં નામ નોંધાવવાની અરજીઓ, મા અમૃતમ યોજના અને મા વાત્સલય કાર્ડની નોંધણી અને કાર્ડ ઈસ્યુ કરવા સહિતની વિવિધ વ્યક્તિલક્ષી લાભ માટેની અરજીઓ મળી હતી તે તમામને પુરતો ન્યાય આપવામાં આવ્યો હતો.



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની ઘાંટા (કુડોલ) પ્રાથમિક શાળામાં ૬ ડિસેમ્બર બુધવારે ડૉ. બાબાસાહેબ આંબેડકર નિર્વાણદિન નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી, મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે શાળામાં નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરી, પુષ્પાંજલિ અર્પણ કરી ઉજવણી કરી હતી. ઘાંટા (કુડોલ) પ્રા. શાળાના આચાર્ય પ્રકાશભાઈ પ્રણામી દ્વારા વિજેતા બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

## મહેસાણા ખાતે શહેરી વિસ્તારનો ‘સેવા સેતુ’ કાર્યક્રમ યોજાયો

રાજ્યના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સરકારના પ્રજાભિમુખ વહિવટની પ્રતિતિ સમાન નવતર અભિગમ એવા શહેરી સેવા સેતુ કાર્યક્રમ આજે મહેસાણા જિલ્લા વહીવટી તંત્ર અને મહેસાણા નગરપાલીકાના સંયુકત ઉપક્રમે આસીસ્ટન્ટ કલેકટર અરૂણ મહેશ બાબુના સીધા જ માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. મહેસાણા શહેરના આંબેડકર હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉમટી પડયા હતા. તે પૈકીના લાભાર્થીઓને તેમની જરૂરીયાતના મુખ્ય મંત્રી અમૃતમ યોજના, આધાર કાર્ડ, નવા જનધન યોજનાના બેંક ખાતાઓ, વિકલાંગતાના પ્રમાણપત્રો, વારસાઈ સંબંધીત દાખલાઓ કાઢી આપવામાં આવ્યા હતા. આસીસ્ટન્ટ કલેકટર અરૂણ મહેશ બાબુએ શહેરીજનોને ડીઝીટલી કેસલેસ ટ્રાન્ઝેકશન માટે રૂચિ કેળવવા અનુરોધ કરી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. તેમણે એમ જણાવ્યું હતું કે, આથી સામાન્ય જનતાને રોકડ નાણાના જોખમમાંથી મુકિત પ્રાપ્ત થશે. વિશ્વના અગ્રહરોળના દેશોમાં કેસલેસ ટ્રાન્ઝેકશનો થાય છે ત્યારે આપણે પણ તેમની સાથે કદમ મીલાવી ડીઝીટલ વિશ્વમાં જોડાઈએ અને આપણા નાણાકીય વ્યવહારમાં જાતે જ પારદર્શીતા કેળવી આર્થીક સમૃધ્ધ રાષ્ટ્રના નિર્માણમાં સહયોગ આપવા ખાસ ભાર મુકયો હતો.